પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૯ | ૧ માર્ચ, ૨૦૧૮, ગુરૂવાર ; ફાગણ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શ્રીદેવીનો પાર્થિવ દેહ પંચતત્વમાં વિલિન

**અંતિમયાત્રામાં લાખો ચાહકો ભાવનાશીલ બન્યા : પતિ બોનીકપૂરે અગ્નિદાહ આપી અંતિમવિધિ પૂરી કરી : મુંબઈના વિલેપાર્લે સ્મશાન ગૃહમાં દુલ્હનની જેમ શણગારીને શ્રીદેવીને લવાયા બાદ દક્ષિણ ભારતીય પરંપરાથી અંતિમસંસ્કાર**





મુંબઇ,તા. ૨૮

બોલિવુડની ચાંદની શ્રીદેવી પંચતત્વમાં વિલિન થઇ ગઇ હતી. લાખોની સંખ્યામાં ચાહકો અને મહાનાયક અમિતાભ બચ્ચન સહિત બોલિવુડની તમામ સેલિબ્રિટીઓ શ્રીદેવીના અંતિમસંસ્કાર વેળા ઉપસ્થિત રહી હતી. પતિ અને ફિલ્મ નિર્માતા-નિર્દેશક બોની કપુરે શ્રીદેવીને અગ્નિદાહ આપ્યો હતો. આ ગાળા દરમિયાન તમામ ભાવનાશીલ બની ગયા હતા. કરોડો લોકોના દિલોદિમાગ પર વર્ષો સુધી રાજ કરનાર બોલિવુડની રૂપની કી રાની શ્રીદેવીના પૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. શ્રીદેવીને દુલ્હનની જેમ સજાવવામાં આવી હતી. તેને લાલ ખુબસુરત વસ્ત્રો પહેરાવવામાં આવ્યા હતા. સવારમાં સેલિબ્રેશન

સ્પોર્ટસ કલબમાં પાર્થિક શરીરને તમામ ચાહકો માટે રાખવામાં આવ્યા બાદ બપોરે શ્રીદેવીની અંતિમ યાત્રા શરૂ થઇ હતી. જે કલાકો સુધી ચાલી હતી. રસ્તામાં લાખો ચાહકો ઉમટી પડ્યા હતા. મુંબઇના વિલે પાર્લે શ્મશાન ગૃહમાં શ્રીદેવીના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. તમિળનાડુથી ખાસ રીતે બોલાવવામાં આવેલા પંડિતોએ ખાસ વિધી કરી હતી. દક્ષિણ ભારતની રીતી મુજબ શ્રીદેવીના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. વિલે પાર્લે શ્મશાન ગૃહની બહાર લોકો ઉમટી પડ્યા હતા. મુંબઇ પોલીસના બેન્ડે પણ હાજરી આપી હતી. પરિવારના સભ્યોની ધીરજ ખુટી પડી હતી. તમામ રડી પડ્યા હતા. મુશ્કેલના સમયમાં અર્જુન કપુરે તમામને સંભાળી લીધા હતા અને હિમ્મત આપી હતી. અગાઉ મંગળવારે રાત્રે આશરે ૯.૩૦ વાગે શ્રીદેવીના પાર્થિક શરીરને મુંબઇમાં લાવવામાં આવ્યા બાદ અંતિમ ચાંદની રાત પોતાના ઘરમાં ગાળ્યા બાદ આજે સવારે તેમના મૃતદેહને સેલિબ્રેશન સ્પોર્ટ્સ ક્લબમાં લાવવામાં આવ્યો હતો. અહીં તેમના પાર્થિવ શરીરને લાવવામાં આવ્યા બાદ તેમના ચાહકો ઉમટી પડ્યા હતા. શ્રદ્ધાંજલિ આપવા માટે લોકોની લાંબી લાઇનો લાગી હતી. લોકો અંતિમ દર્શન માટે લાઇનમાં ઉભેલા જોવા મળ્યા હતા. બોલિવુડના તમામ દિગ્ગજ કલાકારો પણ પહોંચી ગયા હતા. સેલિબ્રેશન સ્પોર્ટસ ક્લબમાં ફિલ્મ મેકર ફરાહ ખાન સહિતના તમામ લોકો પહોંચ્યા હતા. સેલિબ્રેશન ક્લબમાં એશ્વર્યા બચ્ચન, સુષ્મિતા સેન પણ પહોંચી હતી.

## શ્રીદેવીના લાખો ચાહકોની આંખો ભીની થઇ

બોલીવુડની ચાંદની શ્રીદેવીના પાર્થિવ શરીરને દુબઈથી મંગળવારે રાત્રે ૯.૩૦ વાગે મુંબઈ લાવવામાં આવ્યા બાદ શ્રદ્ધાંજલિ આપવાનો સિલસિલો શરૂ થયો હતો. બોલીવુડની ચાંદનીએ અંતિમ ચાંદની રાત પોતાના ઘરમાં ગાળી હતી. ત્યારબાદ સવારે અંતિમ દર્શન માટે સેલિબ્રિટી ક્લબમાં તેના મૃતદેહને મુકવામાં આવ્યો હતો. આવાસ ઉપર શ્રીદેવીના મૃતદેહને લાવવામાં આવ્યા બાદ બોલીવુડના કલાકારો પહોંચવા લાગ્યા હતા. શ્રીદેવીના મૃતદેહને જોઈને અભિનેતા સલમાન ખાન અને વિદ્યા બાલન સહિત અનેક હસ્તીઓ પોતાના ઉપર કાબૂ રાખી શકી ન હતી અને રડી પડી હતી. સલમાન જ નહીં બલ્કે કરોડો ચાહકોની આંખો પણ ભીની થઈ હતી. તેઓ પોતાની પસંદગીની અભિનેત્રીને અલવિદા કહી રહ્યા હતા. શ્રીદેવીના મૃતદેહને મંગળવારે અનિલ અંબાણીના પ્રાઈવેટ જેટ મારફતે લાવવામાં આવ્યો હતો.

## અંતિમ વિદાયની સાથે સાથે

**અમિતાભ અને શાહરુખ ખાન વિદાય માટે પહોંચ્યા**



- શ્રીદેવીના સાંજે સંપૂર્ણ સમ્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા
- બોની કપૂરે મોટી સંખ્યામાં ચાહકો અને બોલીવુડની હસ્તીઓની હાજરીમાં પત્નિ શ્રીદેવીને અગ્નિદાહ આપી વિધિ પુરી કરી
- વિલે પાર્લે સ્મશાન ગૃહમાં શ્રીદેવીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા
- તમિળનાડુમાંથી ખાસ રીતે પંડિતોને બોલાવવામાં આવ્યા બાદ દક્ષિણ ભારતીય પરંપરાથી અંતિમવિધિ કરવામાં આવી
- શ્રીદેવીને અંતિમવિધિ વેળા દુલ્હનની જેમ શણગારવામાં આવી
- વિલેપાર્લે સ્મશાન ગૃહમાં અંતિમ વિદાય આપતી વેળા બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન અને બોલીવુડના બાદશાહ શાહરુખ ખાન પણ પહોંચ્યા
- મંગળવારે રાત્રે શ્રીદેવીના મૃતદેહને ૯.૩૦ વાગે દુબઈથી લાવવામાં આવ્યા બાદ મુંબઈમાં તેમના આવાસ પર પાર્થિવ શરીરને લઇ જવામાં આવ્યો.

● અનુસંધાન પાન-૭ પર

## કાર્તિ બાદ હવે ચિદમ્બરમની ધરપકડ કરવાનો તખ્તો તૈયાર

**કાર્તિની ધરપકડથી ભાજપ-કોંગ્રેસ સામ સામે : રાજકીય દુશ્મનાવટના ભાગરુપે ધરપકડ કરાઈ : કોંગ્રેસ**

નવીદિલ્હી, તા. ૨૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમની ધરપકડ કરવામાં આવ્યા બાદ રાજકીય લડાઈ શરૂ થઈ ગઈ છે. આ મામલામાં પ્રથમ વખત કાર્તિ પર આક્ષેપ કરનાર ભાજપના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ હવે પી ચિદમ્બરમની ધરપકડની માંગ કરી છે. સ્વામીએ કહ્યું છે કે, કાર્તિ બાદ હવે ચિદમ્બરમનો નંબર છે. બીજી બાજુ કોંગ્રેસે કહ્યું છે કે, રાજકીય દુશ્મનાવટના પરિણામ સ્વરુપે ભાજપ દ્વારા આ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. મોદી સરકાર ભ્રષ્ટાચાર વાત કરી રહી છે પરંતુ યોગ્ય લોકોની ધરપકડ થઈ રહી નથી. કાર્તિ ઉપર આક્ષેપ છે કે, એરસેલ-મેક્સિસ અને આઈએનએક્સ મિડિયા માટે ખોટી રીતે એફઆઈપીબીની મંજુરી લેવામાં આવી હતી. બંને મામલા ૨૦૦૭ના છે તે વખતે પી ચિદમ્બરમ

● અનુસંધાન પાન-૭ પર

# અંતે, કાર્તિ ચિદમ્બરમની ધરપકડ

**વિદેશથી આવી પહોંચ્યા બાદ તેમના આવાસ પરથી ધરપકડ કરાઈ : ૧૬મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હીમાં ફાઇવ સ્ટાર હોટલમાંથી કાર્તિના સીએ ભાસ્કર રમનની ધરપકડ કરાયા બાદથી કાર્તિ સકંજામાં : કોર્ટમાં રજૂ કરાયા**



નવી દિલ્હી,તા. ૨૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આખરે આઈએનએક્સ મીડિયાના મની લોન્ડરિંગ મામલામાં ભૂતપૂર્વ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમની ધરપકડ કરી લેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ધરપકડ કરવામાં આવ્યા બાદ કાર્તિ ચિદમ્બરમને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં સુનાવણી દરમિયાન સીબીઆઈએ કહ્યું હતું કે, કાર્તિ ઘણા સમયથી તેમના પ્રશ્નોના જવાબ આપી રહ્યા ન હતા. તપાસને ખોરવવાના પ્રયાસ કરી રહ્યા હતા. પુરાવાના સંદર્ભમાં ખોટા નિવેદનો આપી રહ્યા હતા. આ તમામ બાબતોના લીધે તપાસમાં અડચણો આવી રહી હતી. સીબીઆઈએ એમ પણ કહ્યું હતું કે, તપાસમાં કાર્તિ બિલકુલ સહકાર આપી રહ્યા ન હતા. દિલ્હીમાં કોર્ટમાં કાર્તિને રજૂ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીની ઉંઘ હરામ થઈ ગઈ છે. કાર્તિ પર તપાસમાં સહકાર નહીં આપવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. તેમની ચેન્નાઇ સ્થિતી તેમના આવાસ પરથી ધરપકડ કરવામાં આવી હતી. કાર્તિને લંડનથી પરત ફર્યા બાદ તેમના

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી બ્રહ્મલીન

કાંચીપીઠના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી ૮૨ વર્ષની વયે બ્રહ્મલીન થયા હતા. પ્રધાનમંત્રી સહિત દેશના અનેક મહાનુભાવોએ તેમને અંજલિ આપી હતી.

### જીતન રામ માંઝીએ એનડીએ છોડી

બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને હિન્દુસ્તાની અવામ મોર્ચાના પ્રમુખ જીતનરામ માંઝીએ એનડીએ છોડી દીધી છે. તેઓ બિહારના મહા મોરચામા જોડાતા આરજેડીના તેજસ્વી યાદવે તેઓને આવકાર્યા છે.

### ઓડીસાની બીજેપુર બેઠક પર બીજેડીનો ભવ્ય વિજય

ઓડીસાના બીજેપુર વિધાનસભાની પેટા ચૂંટણીમાં બીજુ જનતાદળના ઉમેદવાર ૪૧૯૩૩ મતોથી ભાજપ સામે જવલંત વિજય મેળવ્યો હતો.જ્યારે કોંગ્રેસ ત્રીજા નંબરે રહી હતી.

### કોંગ્રેસ એમપીની બંને બેઠકો પર વિજયી

મધ્યપ્રદેશમાં વિધાનસભાની કોલારસ અને મુંગોલી પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર વિજયી બન્યા હતા.

## રાજૌરી-જમ્મુમાં અંકુશરેખા પાસે ફરી ભીષણ ગોળીબાર

જમ્મુ,તા. ૨૮

યુદ્ધવિરામનો ભંગ કરીને પોતાની ગતિવિધિને વધુ તીવ્ર બનાવીને પાકિસ્તાની સૈનિકોએ રાજૌરી અને જમ્મુ જિલ્લાના સુંદરબની, નૌશેરા અને ખોર સેક્ટરમાં અંકુશરેખાની નજીક અગ્રિમ વિસ્તારોમાં ફરી ગોળીબાર કર્યો છે. પાકિસ્તાન તરફથી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ ભારતીય સેનાએ પણ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી જેના લીધે પાકિસ્તાની સૈનિકોમાં ભાગદોડ મચી ગઈ હતી. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે, પાકિસ્તાની સેનાએ રાજૌરી જિલ્લામાં અંકુશરેખાની નજીક નૌશેરા, કલલ અને સુંદરબની સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. આજે સવારે ૧૦.૩૦ વાગે યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યા બાદ સ્થિતિ વણસી ગઈ હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની સેનાએ ગઈકાલે રાત્રે ખોર સેક્ટરના ચકાલા અને બાલ્દુ વિસ્તારમાં યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ પણ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાની સેના દ્વારા છેલ્લા કેટલાક દિવસથી અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે.




